ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૧૯/૧૯–૨૦/ 2173 તારીખ : 25 JUN 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૧૯/૧૯–૨૦

પ્રતિ,
**શ્રી ડોબા અરવિંદભાઈ દાનાભાઈ**
બાપાની મઢી પાસે, બાંભણીયા રોડ,
મુ.ચારદીકા, તા.મહુવા,
જી.ભાવનગર.
**મો.નં.૯૮૨૫૭ ૦૮૩૦૩**

**વિષય : ઘર વપરાશ નું વિજ બિલ પ્રફોર્મા–૧૫ મુજબ આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૪/૧/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૭/૧/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૯/૧૯–૨૦/૨૨૫ તા.૧૦/૧/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૯/૧૯–૨૦/૧૦૦૭ તા.૦૨/૦૩/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ **કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૨/૦૩/૨૦૨૦** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૧, **મહુવા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર-૧૧૯/૧૯-૨૦** ☜

વાદી :- **શ્રી ડોબા અરવિંદભાઈ દાનાભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:- ૧૨/૦૩/૨૦૨૦** ◈

હાજર રહયા :- **શ્રી ડોબા અરવિંદભાઈ દાનાભાઈ** -(વાદી પોતે)

પ્રતિવાદી :- શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

**શ્રી ડોબા અરવિંદભાઈ દાનાભાઈ**, મુ. ચારદીકા, તા.મહુવા, જી.ભાવનગર ની ઘર વપરાશ નું વિજ બિલ **પ્રફોર્મા-૧૫ મુજબ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,** ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં **ક્રમાંક : ૧૧૯/૧૯-૨૦** થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૯/૧૯-૨૦/૨૨૫ તા.૧૦/૧/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.**૧૨/૦૩/૨૦૨૦** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી વતી **શ્રી ડોબા અરવિંદભાઈ દાનાભાઈ** હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો વાદી શ્રી ડોબા અરવિંદભાઈ દાનાભાઈ, મું. ચારદીકા, તા. મહુવા, જી.ભાવનગર પાસે રહેણાંક ધરાવીએ છીએ.

૧.૨ અમારે રહેણાંક નુ વિજ કનેકશન ની જરૂરીયાત હોવાથી અમારી વિજ કચેરીએ મહુવા રૂરલ-૧, માં તમામ આધાર પુરાવા આથી રૂા.૪૦/- તા.૬/૪/૨૦૧૫ ના પહોંચ નં- ૩૫૭૮૫૦ થી રજીસ્ટ્રેશન ચાર્જ ના નાંણા ભરેલ.

૧.૩ મહુવા રૂરલ-૧ , સબડિવિઝન માંથી હેલ્પર સર્વે કરવા આવેલ અને ત્યારબાદ તા.૧૮/૬/ ૨૦૧૫ ના રોજ ૪૮૪૮ નું કવોટેશન મોકલાવેલ તે અમોને મળેલ ત્યારબાદ, અમારા ઘરના સભ્ય બહારગામ હોવાથી અમે અમારા

ગામના હેલ્પર ને કવોટેશન ના નાંણા ભરવા માટે આપેલ, તેની પહોંચ શરતચૂક થી મૂકાઈ ગયેલ છે, ત્યારબાદ થોડા દિવસમાં કર્મચારી મીટર કનેકશન લગાડી ગયેલ છે, હાલ ચાર વર્ષ કરતા વધારે સમય થઈ ગયેલ છે. અવાર નવાર કચેરીમાં જાણ કરેલ છે. અરજી આપેલ તેની કોપી અમને આપેલ નથી. નાયબ ઈજનેરશ્રીના કહેવાથી બિલીગ વિભાગમાં અવાર નવાર જાણ કરેલ છે.

૧.૪ ઓફીસ ના કર્મચારીઓ ગ્રાહકોની ફરીયાદો સાંભળતા નથી ઉડાઉ જવાબ આપવામા આવે છે, હવે પછી બિલ આવી જશે અનેક ધકકા થયેલ છે, આવા બેદરકાર પર કંપની ના નિયમ મુજબ પગલા લેવા વિનંતી.

૧.૫ **અમોને માહે જુન–જુલાઈ–૨૦૧૯** નું વિજ બિલ તા.૨૮/૮/૧૯ ના રોજ ૪૧ દિવસ નું બિલ ૭૨૮૦ રીડીગ નું રૂપિયા ૫૪,૨૦૦/– **નું પ્રથમ** બિલ આપેલ છે. **શુ બિલિંગ વિભાગ ના કર્મચારી અભણ છે ? એક વર્ષ ના દિવસો** કેટલા થાય છે, ચાર વર્ષ ના દિવસો કેટલા થાય છે ? કોના હુકમથી ૪૧ દિવસ નું બિલ બનાવેલ છે, મીટર લગાડેલ તેના ૧૫ નંબર ના પ્રફોર્મા તપાસ કરેલ નથી. કઈ તારીખે મીટર લગાડેલ છે તે તપાસ કરેલ નથી. ગાહકની ફરીયાદ કોઈ સાંભળતુ નથી. પૂરા ૮ કલાક કોઈ ફરજમા હાજર રહેતા નથી. ગમે ત્યારે મરજી મુજબ જતા રહે છે.

૧.૬ અમો ગામડામાં ખેત મજૂરી નો ધંધો હોઈ એક સાથે નાણા ભરી શકીએ નહી. વિજ કર્મચારી એ ધમકી આપેલ કે **નાણાં ભરી આપો, નહીતર વિજ કનેકશન કપાઈ જશે.** એક સાથે બિલ ના ભરવાથી તા.૨૮/૧૧/૧૯ રોજ **દાદાગીરી કરીને વિજ કનેકશન કાપી નાખેલ છે.**

૧.૭ અમો ને ૧૫ નંબર ના પ્રફોર્મા મુજબ ડેટ લગાડી સળંગ દિવસો ગણી વિજ બિલ આપવા વિનંતી છે. બેદરકાર કર્મચારી ઉપર કંપની ના નિયમ મુજબ પગલા લેવા વિનંતી છે. મારૂ વિજ કનેકશન કાપી નાખેલ છે તે શરૂ કરવા વિનંતી છે. વગર વ્યાજે હપ્તા કરવા નાણા લેવા હુકમ કરવા વિનંતી છે.



Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar
*

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆત:– તેમની રજૂઆત છે કે,</u>**

૨.૧ અરજદાર નું નામ – શ્રી ડોબા અરવિંદભાઈ દાનાભાઈ (ગ્રાહકના પ્રતિનિધિ)

૨.૨ ગ્રાહકનું નામ – દાનાભાઈ મગનભાઈ ડોબા

૨.૩ ગ્રાહક નંબર – ૩૭૦૬૨/૦૫૬૯૫/૨.

૨.૪ કેટેગરી – RGPR, 0.5 HP.

૨.૫ રીલીઝ તારીખ – ૨૧/૦૭/૨૦૧૯.

૨.૬ **વાદી શ્રી ડોબા અરવિંદભાઈ દાનાભાઈ દ્વારા ઘર વપરાશ નું બિલ ૧૫ નંબર ના પ્રફોર્મા મુજબ આપવા સીજીઆરએફ સમક્ષ રજૂઆતત કરેલ છે.**

૨.૭ વાદી નું ઝુંપડપટ્ટી સ્કીમ માં પ્રફોર્મા – ૧૫ મુજબ તા.૧૫/૬/૨૦૧૫ ના રોજ વિજ કનેકશન લગાડેલ હતું. પરંતુ, કોઈ કારણસર સદર વિજ કનેકશન નું વિજ બિલ બનેલ ન હતું.

૨.૮ વાદીને કનેકશન રીલીઝ તારીખ થી પ્રથમ બિલ જુલાઈ–ઓગષ્ટ – ૨૦૧૯ મા ૭૨૮૦ યુનિટ નું રૂપિયા ૫૪,૨૦૦/– નું પ્રથમ બિલ આપવામાં આવેલ હતું. પરંતુ, એલટી બિલિંગ સીસ્ટમ માં તે બિલ રૂા.૫૪,૦૦૮/– નું બિલ બનેલ હતું.

૨.૯ વાદી ની અરજી ધ્યાને લઈને પ્રફોર્મા – ૧૫ મુજબ ની તા.૧૫/૬/૨૦૧૫ થી તા.૨૮/૮/૨૦૧૯ સુધીનું કુલ ૧૫૧૩ દિવસ નું ૭૨૮૦ યુનિટ નું પ્રોરેટા મુજબ બિલ ની ગણતરી કરી રૂા.૩૮,૯૬૭.૮૭ નુ બિલ આપવામાં **આવેલ છે. આ સાથે બિલ ગણતરી નુ સ્ટેટમેન્ટ આપેલ છે. વાદીને તફાવતની રકમ રૂા.૧૫,૦૪૦.૧૩ વાદીના** ખાતામા તા.૨૩/૧/૨૦૨૦ ના રોજ આઈડી નં–૨૬૫૨૫૯૦૨ થી જમા આપેલ છે.



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી **અરજદાર શ્રી ડોબા અરવિંદભાઈ** દાનાભાઈ ને ગામ–મહુવા માં પ્રતિવાદી તરફથી તા.૧૫/૬/૨૦૧૫ **ના રોજ ઘર વપરાશ માટેનું** સીંગલ ફેઈઝ વિજ જોડાણ આપવામા આવેલ, જેનો ગ્રાહક નંબર– **૩૭૦૬૨/૦૫૬૯૫/૨ છે.**

૩.૨ **વાદીને તા.૧૫/૬/૨૦૧૫** ના રોજ વિજ જોડાણ ચાલુ કર્યા બાદ પ્રતિવાદી તરફથી જુલાઈ–ઓગષ્ટ – ૨૦૧૯ **સુધી એક પણ વિજ બિલ** આપવામાં આવેલ નહી. તેથી વાદીએ પ્રતિવાદીને વારંવાર રજૂઆત કરેલ છતાં **પ્રતિવાદી તરફથી સમયસર** વાદીને વિજ બિલ આપવા માટે ની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નહી.

૩.૩ **તા.૨૮/૮/૨૦૧૯ ના રોજ પ્રતિવાદી એ વાદીને એકી સાથે ૭૨૮૦ યુનિટ ની વપરાશ નું રૂપિયા ૫૪,૨૦૦/–** નું વિજ બિલ આપેલ જેની સામે વાદીએ વાંધો લીધેલ છે.

૩.૪ વાદીની રજૂઆત પરથી પ્રતિવાદી એ તા.૧૫/૬/૨૦૧૫ થી તા.૨૮/૮/૨૦૧૯ સુધીના કુલ ૧૫૧૩ દિવસ નું ૭૨૮૦ યુનિટ નું પ્રોરેટા મુજબ બિલ ને સ્પ્લીટ કરીને રીવાઈઝડ બિલ રૂા.૩૮,૯૬૭.૮૭ નુ બિલ કરી આપેલ છે.

૩.૫ પ્રતિવાદીને સૂચના આપવામાં આવે છે કે, સુધારેલ બિલની રકમ રૂા. ૩૮,૯૬૭.૮૭ ને દ્વીમાસિક ત્રણ હપ્તામાં વહેચી ને વસૂલ કરવા તેમજ વાદી નું વિજ જોડાણ જો કાપેલ હોય તો, પુનઃચાલુ કરી આપવું.

<u>–:: હુકમ ::–</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૫ મુજબ હુકમ કરવામાં આવે છે. "**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| (બી. જે. દવે)<br>સ્વતંત્ર સભ્યશ્રી | (પી. એન. અજાકીયા)<br>ટેકનીકલ સભ્યશ્રી | (એમ. આર.વજરીયા)<br>અધ્યક્ષશ્રી,<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ :– ૧૨/૩/૨૦૨૦

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar